સંદેશ, ગાંધીનગર

પાના નંબર :- ૦૨

તારીખ :- ૦૫/૧૦/૨૦૨૪

### સે. ૧થી એપીએમસી જવા રાત્રે ૧૨.૩૮ કલાકે ટ્રેન ઉપડશે

# નવરાત્રિમાં મેટ્રો રેલ સેવા રાત્રે ૨ વાગ્યા સુધી લંબાવી દેવાઇ

### મુસાફર માટે રૂા. ૫૦ની સ્પે. પેપર ટીકીટ દરેક પ્લેટફોર્મ પરથી મળશે

**ગાંધીનગર**

નવરાત્રીમાં મેટ્રોરેલ સેવાને મોડીરાત સુધી લં બાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જે અંતર્ગત ગાંધીનગરવાસીઓને રાત્રે સાડા બાર કલાક સુધી આ સેવાનો લાભ મળશે. સે.૧ ખાતે છેલ્લી ટ્રેન એપીએમસી તરફથી આવશે. આ ઉપરાંત જવા માટે પણ સે.૧ થી એપીએમસી સુધી છેલ્લી ટ્રેન મળશે.

નવરાત્રીમાં અમદાવાદથી મોટી સંખ્યામાં ખેલૈયાઓ ગાંધીનગર ગરબે રમવા આવી રહ્યા છે. મોડીરાત સુધી ચાલતા ગરબા દરમિયાન ખેલૈયાઓને અમદાવાદ ગાંધીનગર વચ્ચે આવનજાવન માટે મુશ્કેલી ન પડે તે માટે મેટ્રોરેલ તંત્ર દ્વારા નવરાત્રીના દિવસો દરમિયાન ટ્રેન સેવા રાત્રીના ૨ કલાક સુધી લંબાવવાનો નિર્ણય લીધો છે. જે અંતર્ગત વસ્ત્રાલ ગામથી રાત્રે બે કલાકે ટ્રેન ઉપડીને થલતેજ સ્ટેશને પહોંચશે. એપીએમસીથી રાત્રે ૨.૧૪ કલાકે ટ્રેન ઉપડી કોટેશ્વર તરફ આવશે તથા કોટેશ્વરથી ૨.૦૭ મિનીટે ટ્રેન ઉપડી એપીએમસી પહોંચશે. આ લંબાવેલ સમયનો લાભ ગાંધીનગરની જનતાને પણ મળશે. એપીએમસીથી રાત્રે ૧૨.૪૪ કલાકે ટ્રેન ઉપડીને સેક્ટર-૧ સ્ટેશને પહોંચશે. જ્યાંથી ૧૨.૩૮ મિનીટે ઉપડીને એપીએમસી સ્ટેશને પહોંચશે. આ માટે મેટ્રોરેલ તંત્ર દ્વારા સ્પે. પેપર ટિકીટની વ્યવસ્થા કરવામાં આવી છે. જેનો ભાવ રૂા. ૫૦ રાખવામાં આવ્યો છે. મેટ્રોરેલના દરેક સ્ટેશન પર આ સ્પે. પેપર ટિકીટ ઉપલબ્ધ કરાશે.